# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-06-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## પેરગ્વે રાષ્ટ્રપ્રમુખ: ભારતના પ્રવાસે

**પેરાગ્વેના રાષ્ટ્રપ્રમુખ સેન્ટિયાગો પેના પેલાસિઓસ આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે વાતચીત કરી હતી.. આ ચર્ચા દરમિયાન બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોના સમગ્ર ક્ષેત્રની સમીક્ષા કરી હતી.**

**રાષ્ટ્રપ્રમુખ પેના બુધવારે પેરાગ્વે પરત ફરતા પહેલા મુંબઈની પણ મુલાકાત લેશે. મુંબઈમાં, શ્રી પેના રાજ્યના રાજકીય નેતાઓ, વ્યવસાય અને ઉદ્યોગના પ્રતિનિધિઓ અને ટેક નેતાઓને મળશે. ભારત અને પેરાગ્વેએ 1961 માં રાજદ્વારી સંબંધો સ્થાપિત કર્યા હતા, જેનાથી દાયકાઓથી બંને રાષ્ટ્રો વચ્ચે ગરમ અને મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા હતા. બંને દેશોએ વેપાર, કૃષિ, આરોગ્ય, ફાર્માસ્યુટિકલ્સ અને માહિતી ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ વિકસાવ્યો છે. પેરાગ્વે લેટિન અમેરિકન ક્ષેત્રમાં ભારત માટે એક મહત્વપૂર્ણ વેપાર ભાગીદાર છે.**

**-----------------------------------------------------------------------------------------**

## ઓપરેશન સિંદૂર હેઠળ પ્રતિનિધિ મંડળ વિવિધ દેશના પ્રવાસે

**ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદ સામે ભારતના સૈદ્ધાંતિક અને દૃઢ વલણને વિશ્વ સમક્ષ રજૂ કરવા સાત સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ વિવિધ દેશના પ્રવાસે છે. આ પ્રતિનિધિમંડળો આતંકવાદ પ્રત્યે ભારતના શૂન્ય સહિષ્ણુતાનો મજબૂત સંદેશ આપી રહ્યા છે. NCP-SCP સાંસદ સુપ્રિયા સુળેના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ ઇજિપ્ત પહોંચ્યું છે. જ્યારે JDU સાંસદ સંજય કુમાર ઝાના નેતૃત્વમાં અન્ય એક પ્રતિનિધિમંડળે મલેશિયાની મુલાકાત લીધી.**

અગાઉ, શિવસેના સાંસદ શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે લાઇબેરિયામાં ભારતીય સમુદાયના સભ્યો સાથે વાતચીત કરી. તેમણે કહ્યું કે, ભારત સતત ચાર દાયકાથી વધુ સમયથી આતંકવાદને સહન કરી રહ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## કડી વિસાવદર પેટા ચૂંટણી: ઉમેદવારીપત્ર

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો આજે અંતિમ દિવસ છે. કડી વિધાનસભા બેઠક પર આજે ભાજપ ઉમેદવાર રાજેન્દ્ર ચાવડા કોંગ્રેસના ઉમેદવાર રમેશ ચાવડા અને આમઆદમી પાર્ટીના જગદીશ ચાવડાએ ઉમેદવારી પત્ર ભર્યું. અગાઉ પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટીના ગિરીશ કાપડિયા કડી બેઠક માટે ઉમેદવારી નોંધાવી ચૂક્યા છે.

દરમિયાન, ભાજપે ગઇકાલે કડી માટે રાજેન્દ્ર ચાવડા અને વિસાવદર માટે કિરીટ પટેલના નામની જાહેરાત કરી છે..જ્યારે કોંગ્રેસે કડી માટે રમેશ ચાવડા અને વિસાવદર માટે નીતિન રાણપરિયાને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. આમઆદમી પાર્ટીએ વિસાવદર બેઠક પર ગોપાલ ઇટાલિયાને મેદાનમાં ઉતાર્યા છે.  આ બંને બેઠકો પર આગામી 19 જૂને મતદાન થશે, જ્યારે 23 જૂને મતગણતરી હાથ ધરાશે.

ઉલ્લેખનીય છે કે વિસાવદર વિધાનસભા બેઠક પરથી ભૂપત ભાયાણીનું રાજીનામું અને કડી બેઠક પર કરસન સોલંકીનું અવસાન થતાં બંને બેઠકો ખાલી પડી હતી.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ ગ્રામ પંચાયત: જાહેરનામું પ્રસિદ્ધ

કચ્છમાં 166 ગ્રામ પંચાયતની સામાન્ય અને 241 પંચાયતની પેટા મળી 407 ગ્રામ પંચાયતમાં આગામી 22 જૂને ચૂંટણી યોજાવાની છે ત્યારે જાહેરનામુ પ્રસિદ્ધથતા ચૂંટણીનો વિધિવધત ધમધમાટ શરૂ થયો છે. ઇચ્છુક ઉમેદવારો પોતાનું ફોર્મ 9 જૂન સુધી રજૂ કરશે. ગ્રામ

પંચાયતની ચૂંટણી ઇવીએમથી નહીં પણ બેલેટ પેપેરથી યોજાતી હોવાથી ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયા બાદ વહીવટી તંત્ર બેલેટ પેપર છપાવવા સહિતની કામગીરીમાં પ્રર્વત્ત બનશે..

## કોરોના

દેશમાં વધતા કોરનાના કેસો વચ્ચે અમદાવાદમાં કોરોનાને કારણે મહિલાનું મોત થયું છે. શાહઆલમ વિસ્તારમાં રહેતી 47 વર્ષની મહિલાએ કોરોના સંક્રમણને કારણે જીવ ગુમાવ્યો છે. આ મહિલાને 23 મે એ મણીનગરની એલજી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. દરમિયાન કચ્છમાં ગઇકાલે બે અને આજે એક કોરોનાનો કેસ નોંધાયો છે તે તમામ કોરોના સંક્રમિતો હોમ આઇસોલેટેડ છે.

---

## જેઇઇ મેઇન પરીક્ષા

ભારતીય પ્રૌદ્યોગિક સંસ્થાન I.I.T. તકાનપુરે આજે સંયુક્ત પ્રવેશ પરીક્ષા- J.E.E. એડવાન્સ્ડ પરીક્ષા 2025નું પરિણામ જાહેર કર્યું છે. પરીક્ષામાં નવ હજાર 404 વિદ્યાર્થિની સહિત કુલ 54 હજાર 378 વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે. I.I.T. દિલ્હી ઝૉનના રજિત ગુપ્તા 360માંથી 332 પૉઈન્ટ સાથે J.E.E. એડવાન્સ્ડ પરીક્ષામાં ટોચના ક્રમાંકે રહ્યા છે. જ્યારે I.I.T. ખડગપુર ઝૉનનાં દેવદત્તા માઝી 360-માંથી 312 પૉઈન્ટ સાથે તમામ વિદ્યાર્થિનીઓમાં ટોચ પર રહ્યાં છે.

---